શ્લોક - ૬

સ્વયંભૂરમણ સ્પર્ધિ - વર્ધિષ્ણુ સમતારસ:
મુનિર્યેનોપમીયેત, કોઽપિ નાસૌ ચરાચરે (૬-૬)

<u>શબ્દાર્થ</u>: વર્ધિષ્ણુ = દિવસે દિવસે વૃદ્ધિ પામતું,
મુનિ: + યેન + ઉપમીયેત = મુનિને જેનાથી સરખાવાય
ચરાચરે = આ જગતમાં

<u>શ્લોકાર્થ</u>: સ્વયંભૂરમણ સમુદ્રની સાથે સ્પર્ધા કરતો અને દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો <u>સમતારસ</u> જેમાં છે એવા મુનિને જેની સાથે સરખાવી શકાય એવો કોઈ પણ પદાર્થ આ જગતમાં નથી.

<u>ભાવાર્થ</u>: અસંખ્યાતા યોજન લાંબો-પહોળો સ્વયંભૂરમણ નામનો અંતિમ સમુદ્ર છે જેના પછી અલોકાકાશ શરૂ થાય છે.

સૌથી વધારેમાં વધારે પાણી આ સમુદ્રમાં છે. શમભાવને પામેલા મુનિમાં "શમભાવદશા રૂપ પાણી" પણ આવું જ અમાપ હોય છે. સમુદ્રમાં જેટલું પાણી છે તેટલું જ રહે છે જ્યારે <u>મુનિ જેમ જેમ ગુણસ્થાનકોમાં ચઢે છે</u> <u>તેમ તેમ</u> <u>શમભાવ રૂપી</u> <u>જલ</u>, <u>ક્ષયોપશમભાવમાંથી</u> <u>ક્ષાયિકભાવ</u> <u>થવાથી વૃદ્ધિ પામે છે</u>. <u>આ વિશ્વમાં એવો કોઈ જડ કે</u> <u>ચેતન પદાર્થ નથી</u> <u>કે જેની ઉપમા</u> <u>સમતા-મુનિને આપી શકાય</u>. <u>શમભાવસ્વરૂપ જે સમતારસ છે તે ચેતનનો ગુણ છે</u>, <u>અચેતન નથી</u>. આત્મ સ્વરૂપ છે પૌદ્ગલિક નથી, <u>ક્યારેય</u> <u>નાશ પામનાર નથી</u>, નિરૂપમ (ઉપમા આપી શકાય નહિ તેવો) છે. આવો સમતારસ પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે.

આવા પ્રકારનો શમભાવ આવે છે ત્યારે ઘાણીમાં
પીલાતા મુનિઓને, સ્મશાનમાં આગની પાઘડીવાળા ગજસુકુમાલ મુનિને,
કાનમાં ખીલા નંખાયા તેવા મહાવીર પ્રભુને, વાઘણે શરીર
ચીરી નાંખ્યું તેવા સુકોશલ મુનિને ... આ બધા મહાત્માઓને
કર્મોનો નાશ કરવામાં અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં વાર
લાગી નહીં. કારણ શું ?

કારણકે શુભ અને અશુભ ભાવોથી ભરેલા આ વિશ્વમાં
જે મહાત્માઓ સર્વ વસ્તુઓને "પર" માને છે તે મહાત્માઓ
કોઈપણ વસ્તુ ઉપર રાગ અને દ્વેષ રહિત જે મનોવૃત્તિ
છે તે જ શુદ્ધ આત્મદશાનો અનુભવ છે.
તે જ શુદ્ધ આત્મદશાના અનુભવમાં તલ્લીન બનેલા મહાત્માને
પોતાની સેવા કરનાર કે ઉપસર્ગ કરનાર એમ બન્ને ઉપર
સરખો જ ભાવ હોય છે.

જ્યારે આત્માની અધ્યાત્મદૃષ્ટિ ખીલે છે ત્યારે પૌદ્ગલિક
વાસનાઓ ક્ષણભંગુર હોવાથી, તીવ્ર કર્મબંધનું કારણ
હોવાથી અને પરાધીન હોવાથી ચિત્તમાંથી નષ્ટ થઈ જાય છે.
ત્યારે આત્માના ગુણોના અનુભવનો આનંદ પ્રસરે છે.
સમતા રસનો સ્વાદ માણનારા મુનિને રાજશાહીના ભોગોમાં
પણ રોગો દેખાવા લાગે છે, ચિન્તામણિ રત્નોના ઢગલા
પણ કાંકરાના જ ઢગલા લાગે છે. આવા ભવભીરુના
સંયોગથી થનારું કે પુદ્ગલોના સંયોગથી થનારું સુખ
અને તેમાં થતી રતિ-પ્રીતિ, એ જ મોટું દુઃખ દેખાય છે.
સ્વાભાવિક ગુણોનું સુખ એ જ સાચું સુખ, સમતાભાવની
પ્રાપ્તિ એ જ મોટો આનંદ આ મહાત્માઓને લાગે છે.

# છઠ્ઠું શમ અષ્ટક

શ્લોક-૧:

શમસૂક્તસુધાસિક્તં, યેષાં નક્તં દિનં મન:
કદાપિ તે ન દહ્યન્તે, રાગોરગવિષોર્મિભિ: (૬-૧)

શબ્દાર્થ: સુધાસિક્તં = અમૃતથી સીંચાયેલું., નક્તં = રાત, દિનં = દિવસ, રાગ + ઉરગ (સર્પ) + વિષ + ઉર્મિભિ: (લહરીઓ વડે), ન દહ્યન્તે = બળતા નથી.

શ્લોકાર્થ: જેઓનું મન રાતદિવસ શમના (સમભાવના) સુભાષિતરૂપ અમૃત વડે સિંચાયેલું છે, તેઓ કદી રાગરૂપ સર્પના વિષની લહરીઓ વડે (વિષના તરંગોથી) બળતા નથી.

ભાવાર્થ: શમભાવના અર્થાત્ કષાયોના અભાવવાળા સાત્વિક ચારિત્રના પરિણામવાળા જે જે સુભાષિતો, સુવાક્યો છે, તેના વડે મહાત્મા પુરુષોનું મન રાત-દિવસ સિંચાયેલું છે, સમતાના સુવાક્યોથી જે મહાત્માઓનું મન સંસ્કારિત બન્યું છે, શીતલ બન્યું છે, ઠર્યું છે, ગંભીર બન્યું છે, યશ-અપયશને પચાવનારું બન્યું છે, નિંદા-પ્રશંસાને ન ગણકારનારું બન્યું છે તે મહાત્મા પુરુષો રાગ રૂપી સર્પના વિષની ઉર્મિઓ વડે ક્યારેય દાઝતા નથી.

અહીં રાગનો, આગ અને સર્પના વિષની એમ બે ઉપમાઓ આપી છે, રાગરૂપી સર્પથી ડંસાયેલો આત્મા જગતમાં ભમ્યા કરે છે. જગત ઉપર ઉપકાર કરવાના સ્વભાવવાળા તીર્થંકર પરમાત્માની વાણીનું જે આત્મા શ્રવણ કરે છે તેને સમતારૂપી દાનની પ્રાપ્તિ થાય છે. પરમાત્માની વાણી દ્વારા મિથ્યાત્વનું ઝેર નિચોવાઈ જાય છે અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

રાગ એટલે પરપદાર્થમાં આસક્તિ થવી અને દ્વેષ એટલે પરપદાર્થો પ્રત્યે અણગમો થવો. આ બંને સર્પ તુલ્ય છે.

અને જગતને સાચા માર્ગેથી ભ્રષ્ટ કરે છે. રાગરૂપી સર્પનું વિષ (ઝેર) તેની ઊર્મિઓ વડે શમભાવથી સંધાયેલા મુનિને દઝાડતું નથી.

જિનની આજ્ઞા ન માને અને મન ની આજ્ઞા માને તે દુઃખી. જિનની આજ્ઞા માને તે સુખી. જ્યાં કોઈપણ પ્રશ્ન ન હોય તે સિદ્ધ. જ્યાં પ્રશ્નનો અંત ન આવે તે સંસાર.

તીર્થંકર ભગવંતોના વાક્યોનું (શાસ્ત્રના વાક્યોનું) નિરંતર શ્રવણ-મનન-ચિંતન સમતાભાવરૂપી જીવન વાળા મહાપુરુષો કરે છે. આત્મસ્વરૂપના આનંદનો અનુભવ કરનારા મહાપુરુષો, આત્મસ્વરૂપના જ જ્ઞાન વડે, આત્મસ્વરૂપની જ રમણતા વડે, અને આત્મસ્વરૂપના અનુભવ વડે, સર્વથા પરદ્રવ્યની આસક્તિ વિનાના થઈ, અનાસક્ત ભાવમાં જ મગ્ન બન્યા છે. નિર્લેપ - અનાસક્ત અને સ્વરૂપભોગી થઈને વિચરે છે.

આત્માર્થી જીવે પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે શરીરાદિ પરભાવની સાથે જે જોડતા છે તેનો ત્યાગ કરીને તથા રાગ-દ્વેષાત્મક વિભાવદશા છોડી દઈને સમતાભાવ વડે ભાવિત થવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

કોશાના રાગરૂપી વચનની લહરીઓ, સ્થૂલિભદ્રજીને દઝાડી ન શકી. કારણ? તેમનું મન, શમરસના સાગરમાં ડુબેલું હતું.

બાહ્ય પદાર્થોની અનુકૂળતામાં મનુષ્ય શમભાવમાં રહેતો લાગે પણ તે સાચી સમતા નથી. તેથી સમતાને પૂરતા વાર ન લાગે.

શ્લોક-૮:

ગર્જજ્જ્ઞાનગજોત્તુંગ, રંગદ્ધ્યાનતુરંગમાઃ ।
જયન્તિ મુનિરાજસ્ય, શમસામ્રાજ્યસંપદઃ ॥ (૬-૮)

શબ્દાર્થ: ગર્જ + જ્ઞાન + ગજ + ઉત્તુંગ = ગર્જના કરતા જ્ઞાન રૂપી હાથી વડે ઉન્નત
રંગત + ધ્યાન + તુરંગ = હણહણાટ કરતા (ખેલતા) ધ્યાન રૂપી ઘોડાઓ
સંપદઃ = સંપત્તિ

શ્લોકાર્થ: ગર્જના કરતા જ્ઞાનરૂપી હાથીઓ વડે ઉન્નત અને ખેલતા ધ્યાનરૂપ ઘોડાઓ છે જેમાં એવા મુનિ રૂપી રાજાની શમરૂપ સામ્રાજ્યની સંપત્તિ જયવંતી વર્તે છે.

ભાવાર્થ: રાજાની રાજ્યલક્ષ્મી જેમ જયવંતી હોય છે તેમ મુનિમહારાજની શમભાવ રૂપી રાજ્યની લક્ષ્મી સદા વિજયવંત હોય છે.
રાજાની રાજ્યલક્ષ્મી પરિમિત છે, મુનિમહારાજની શમભાવની સામ્રાજ્ય સંપત્તિ અપરિમિત છે.
રાજાની રાજ્યલક્ષ્મી અનિત્ય છે, મુનિમહારાજની શમભાવની લક્ષ્મી નિત્ય છે.
રાજાની રાજ્યલક્ષ્મી સરહદો પૂરતી છે, મુનિની શમભાવની લક્ષ્મી સર્વત્ર પ્રસરતી છે.
રાજાની રાજ્યલક્ષ્મી અનેક ઉપાધિઓવાળી, લોકોને ઈર્ષ્યા કરાવનારી અને લોકોને લૂંટવાની ઈચ્છા થાય તેવી છે. મુનિની શમભાવની લક્ષ્મી નિરૂપાધિક (ઉપાધિ વગરની), લોકોને અનુસરવાની ભાવના થાય તેવી અને કોઈથી ન લૂંટી શકાય તેવી હોય છે.
ઉપરના કારણોથી રાજાને રાજા કહેવાય છે ત્યારે મુનિને મહારાજા કહેવાય છે. મુનિરાજ પાસે બે સેના છે. "જ્ઞાન" નામની હસ્તિ સેના છે અને "ધ્યાન" નામની અશ્વસેના છે.
જ્ઞાન રૂપી ગજરાજની ગર્જનાઓ અને ધ્યાન રૂપી ઘોડાઓનો હણહણાટ, મુનિમહારાજના સામ્રાજ્યમાં રોનક આનંદ અને પ્રસન્નતા આપતો રહે છે. શમરૂપી સામ્રાજ્યનો વિજયધ્વજ નિરંતર ફરકતો રહે છે.

ઈન્દ્રિયજય અષ્ટક : ૭ જ્ઞાનસાર શ્લોક-૧ P.114

- બિભેષિ યદિ સંસારાન્ મોક્ષપ્રાપ્તિં ચ કાઙ્ક્ષસિ
તદેન્દ્રિયજયં કર્તું, સ્ફોરય સ્ફાર પૌરુષમ્ ॥૭-૧॥

શબ્દાર્થ: યદિ = જો, સંસારાત્ = સંસારથી, બિભેષિ = ભય પામતો હોય, કાઙ્ક્ષસિ = ઈચ્છતો હોય, તદા + ઇન્દ્રિયજયં = ઇન્દ્રિયોનો વિજય કરવા માટે, સ્ફોરય = ફોરવ, સ્ફાર = વિશાળ, પૌરુષમ્ = પુરુષાર્થને

શ્લોકાર્થ: જો તું સંસારથી ભય પામે છે, અને મોક્ષ પ્રાપ્તિને ઈચ્છે છે તો ઇન્દ્રિયોનો વિજય કરવા માટે વિશાળ પુરુષાર્થને ફોરવ અર્થાત્ મહાપરાક્રમ કર.

ભાવાર્થ:

- શંકા: શમભાવ લાવવા માટે ઇન્દ્રિયજય શા માટે?

સમાધાન: પાંચે ઇન્દ્રિયોના વિષયોની તીવ્ર ઈચ્છા શમભાવની પ્રાપ્તિમાં અંતરાય કરનાર છે. તેથી શમભાવમાં સ્થિર થવું હોય તો ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવો જ પડે. પાંચ ઇન્દ્રિયો દ્વારા પાંચે વિષયોનું જ્ઞાન થવા છતાં પણ ઈષ્ટ કે અનિષ્ટ પરિણામ ન થાય તેને ઇન્દ્રિયજય કહેવાય છે.

આ શ્લોકમાં બે વાતો મુખ્ય છે.
(1) સંસાર નો ભય અને (૨) મોક્ષની ઈચ્છા

સંસાર ઉપરનો નિર્વેદ (થાક, કંટાળો) હોય તો જ
- સંસારનો ભય લાગે.

મોક્ષ ઉપરનો સંવેગ (પ્રેમ, આકર્ષણ) ભાવ હોય તો જ મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા થાય.

નિર્વેદ પરથી સંવેગ પર કેવી રીતે પહોંચી શકાય ?
પાંચ ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ.

આપણી પાંચે ઇન્દ્રિયો (કાન, આંખ, નાક, જીભ, અને ચામડી) જુદા જુદા વિષયો ભોગવવામાં કાયમ busy હોય છે. <u>પુણ્યોદયથી</u> ઇન્દ્રિયો મળી છે <u>પણ તેમાં આસક્તિ કરવી તે મોહનો ઉદય છે. મોહના ઉદયને પાપોદય કહેવાય.</u>

પાંચે ઇન્દ્રિયોમાં શ્રેષ્ઠ ઇન્દ્રિય <u>કાન</u> છે. કારણ કે પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય ત્યારે જ <u>કાન</u> મળે છે.

<u>કર્ણેન્દ્રિય</u> (કાન): વિષય વાસનાને પોષનારું સંગીત પણ સાંભળી શકાય અને અરિહંત પરમાત્માની જિનવાણીનું શ્રવણ પણ કરી શકાય. જેથી કર્ણેન્દ્રિયને વશ કરી શકાય.

<u>ચક્ષુરિન્દ્રિય</u>: આપણી ચર્મ ચક્ષુથી જે જોઈએ છીએ તે બધું નાશ પામનારું છે. ચક્ષુ દ્વારા એ જોવાનું કે જે દેખાયેલું નાશ ન પામે, અવિનાશી હોય. <u>સિદ્ધ પરમાત્માનું રૂપ અવિનાશી છે. કર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલું છે.</u>

<u>ઘ્રાણેન્દ્રિય</u>: ને વશ કરવા માટે <u>આચાર્ય</u> નું અવલંબન લેવાનું છે કારણ કે તે જિનશાસનની સુગંધ ફેલાવે છે.

<u>રસનેન્દ્રિય</u>: ને વશ કરવા માટે <u>ઉપાધ્યાય</u> નું આલંબન લેવું. તેઓ શાસ્ત્રના અધ્યયન દ્વારા જ્ઞાનનું રસપાન કરાવે છે.

<u>સ્પર્શેન્દ્રિય</u>: ને વશ કરવા માટે <u>સાધુ</u> ભગવંતનું આલંબન લેવાનું છે. બ્રહ્મચર્યનું પાલન કરીને સાધનામાં આગળ વધે છે.

પંચ પરમેષ્ઠિની ભક્તિમાં પાંચે ઇન્દ્રિયોને જોડવી. <u>પંચેન્દ્રિય સંવરણ</u>

વૃદ્ધાસ્તૃષ્ણાજલાપૂર્ણૈરાલવાલૈ: કિલેન્દ્રિયૈ:
મૂર્છામતુચ્છાં યચ્છન્તિ, વિકારવિષપાદપા: (૭-૨)

શબ્દાર્થ:

તૃષ્ણાજલાપૂર્ણૈ: = તૃષ્ણારૂપ જલથી ભરેલા, વૃદ્ધા: = વૃદ્ધિ પામેલા
આલવાલૈ: = ક્યારા વડે, વિકારવિષપાદપા: = વિકારરૂપી ઝેરી વૃક્ષો
કિલ = ખરેખર, અતુચ્છાં = ઘણી, મૂર્છાં = મમતાને, મૂર્છાને,
યચ્છન્તિ = આપે છે.

શ્લોકાર્થ: લાલસારૂપ જલ વડે ભરેલા ઇન્દ્રિયરૂપ ક્યારાઓ વડે વૃદ્ધિ પામેલા વિકારરૂપ વૃક્ષો ખરેખર તીવ્ર મોહ-મૂર્છા આપે છે.

ભાવાર્થ:

આંબાના વૃક્ષને વાવવું હોય તો પહેલા બીજ રૂપી છોડને જમીનમાં ઊંડાણથી ખોદીને મૂકીએ પછી ચારેબાજુ ક્યારો (Boundary) કરીએ, પછી પાણી વગેરેથી પોષણ આપીએ તો વૃક્ષ મોટું થાય અને આંબાને ફળ અને છાંયો આપે.

ઇન્દ્રિયો એ ક્યારા છે. જેમાં વિષય-લાલસાનું પાણી ભરવામાં આવે છે. ક્યારામાં પૂર્વભવના સંસ્કારો - વિકારો વિકાસ પામે છે. જો સાવધાન ન રહીએ તો વૃક્ષ બની ગયેલા વિકારોના વિષવૃક્ષની છાયામાં જે કોઈ બેસી જાય છે, તે મોહથી મૂર્છિત થઈ જાય છે.

મનુષ્ય પાંચ ઇન્દ્રિયો અને મન લઈને જન્મે છે. સમજણ આવતાં ઇન્દ્રિયોના ક્યારામાં મનરૂપી ડોલ દ્વારા વિષયસુખનું પાણી સિંચવાનું તે શરૂ કરી દે છે. જેમ જેમ વર્ષો પસાર થાય છે તેમ તેમ ઇન્દ્રિયોના ક્યારામાં વિકારોના છોડ વધુ મોટા થતાં જાય છે.

કુવાની આત્માનાં તો વિકારોના મોટા દરવાજા જેવી બની જાય છે. મોહરાજા તેના ઉપર છવાઈ જાય છે.

લગામ (control) આત્માના હાથમાં છે. જો આત્મા વિકારી હોય, વાસનાથી ખરડાયેલો હોય તો વિષવૃક્ષ બને અને આત્મા વૈરાગ્યના રંગથી રંગાયેલો હોય તો સમાજને લાભ આપે એવું વૃક્ષ બને.

નિશ્ચય દૃષ્ટિએ તો આત્મા અનાદિકાળથી શુદ્ધ છે. પરંતુ મોહનીય કર્મના ઉદયથી, અશુદ્ધ બનેલા આત્માઓ, વિષયોમાં આસક્ત એવી પાંચ ઇન્દ્રિયો રૂપી ક્યારાઓ વડે વૃદ્ધિ પામતાં મોટાં થઈ બનીને મૂર્છા ઉત્પન્ન કરે છે.

આ ઇન્દ્રિયો રૂપી ક્યારા કેવા છે? તૃષ્ણા રૂપી જળથી ભરેલા. તૃષ્ણાથી પ્રેરાયેલી આ પાંચે ઇન્દ્રિયો જીવને વિષયોમાં આસક્ત કરીને વિષયોને ભોગવવા તરફ દોરાવે છે. તૃષ્ણાથી અનુકૂળ-પ્રતિકૂળ ફરેલા અને અતિશય ભોગથી આસક્ત એવા જીવને ભોગો ભોગવવા જેવા લાગે છે. તૃષ્ણાનો અનાદિકાળથી અભ્યાસ છે માટે જ વૃદ્ધિ પામે છે. વિષયભોગથી તૃષ્ણા વધે છે માટે પાંચે ઇન્દ્રિયોને તે તે વિષયોથી દૂર રાખવી એ જ કલ્યાણકારી માર્ગ છે.

Go on the website: www.studyjainism.org
For more Information on 14-Raj Lok, Jambudweep
watch Tattvarth Sutra Video # 15, 16